સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૮–૬–૦૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

મ્યુ.કમિશનરશ્રીના તા.૬–૫–૦૫ ના પત્ર નં.સીમીસ/૮/૫ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૫૧(ડભોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં પાના નં.૨૭ ઉપર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં બનાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.૫૧(ડભોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં પાના નં.૩૫ ઉપર સામેલ અધિસૂચન મંજૂર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનીક દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

<u>ઠરાવ નં.૨૮/૨૦૦૫ સર્વાનુમતે મંજૂર</u>

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૧–૬–૦૫.